NATIONAL SENIOR CERTIFICATE EXAMINATION
NOVEMBER 2016

# GUJARATI FIRST ADDITIONAL LANGUAGE: PAPER I

Time: 2 hours | 80 marks

---

**PLEASE READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY**

1. This question paper consists of 7 pages. Please check that your question paper is complete.
2. Read the questions carefully.
3. Number your answers exactly as the questions are numbered.
4. It is in your own interest to write legibly and to present your work neatly.

---

IEB Copyright © 2016

## SECTION A

પ્રશ્ન–૧ નીચેનો ગદ્ય વાંચી પ્રશ્નોના યોગ્ય જવાબ લખો.

હોલાન્ડ દેશની આ વાત છે. એ દેશનો કેટલોક ભાગ દરિયાથી નીચો છે. આથી દરિયાનું પાણી જમીન પર ધસી ન આવે તે માટે બંધ બાંધવામાં આવ્યા હોય છે.

આવા નીચાણવાળા એક ગામમાં ડીક નામનો એક છોકરો રહેતો હતો. એક સાંજે બંધ પાસેથી એ પસાર થતો હતો. તેવામાં અચાનક તેની નજર એક જગ્યાએથી થોડું થોડું પાણી ઝરતું હતું ત્યાં પડી. પહેલાં તો તેનું તે તરફ ખાસ ધ્યાન ગયું નહિ. પણ પછી તેને એક વિચાર આવ્યો, “આ પાણી શાથી ઝરે છે ! બંધમાં કંઈ કાણું તો નહિ હોય ?” એ વિચાર આવતાં તે પેલી જગ્યા પાસે ગયો.

ત્યાં જઈને જુએ છે તો સાચે જ એક નાનકડું કાણું પડ્યું હતું. એ જોતાં તે ૂજી ઊઠ્યો. એ કાણું જો પૂરવામાં ન આવે તો થોડા જ વખતમાં એ મોટું થાય, બંધને તોડી નાખે, દરિયાનું પાણી ગામ પર ધસી આવે, ને આખા ગામ પર દરિયો ફરી વળે.



હવે શું કરવું ? એ નાનકડા કાણા પર ડીકે પોતાની હથેળી ધરી દીધી. પાણી આવતું અટક્યું. બીજા હાથે આજુ-

IEB Copyright © 2016

બાજુથી થોડી માટી ભેગી કરી એ કાણાને પૂરવા તે મથ્યો. કોઈ આવતાજતાને બોલાવી કાણું પુરવી લેવાશે એવી તેને આશા હતી.

આમ ઘણો વખત વીતી ગયો. પણ એ રસ્તે આવતું કોઈ નજરે ન પડ્યું. એમ કરતાં અંધારું થયું. ચારે બાજુ સૂનકાર હતો. આવી અંધારી રાતે ડીક અગાઉ કદી એકલો બહાર નીકળ્યો ન હતો. એને ચોરના અને જંગલી પ્રાણીઓના વિચાર આવવા માંડ્યા.

પણ એ બહાદુર હતો. થોડી વારમાં એણે મનને મજબૂત કરી લીધું. એ મનમાં ને મનમાં બોલ્યો, “મારે શાની બીક છે? ભગવાને જ મને મારો દેશ બચાવવાની તક આપી છે. એ ભગવાન જ મારા દેશને અને મને બચાવશે.”

રાત તો વધતી જતી હતી. ડીકનું શરીર ટાઢથી ધ્રૂજવા માંડ્યું. પણ એણે હિંમત છોડી નહિ. પેલા કાણા પર એણે પોતાની પીઠ દાબી રાખી. આખી રાત એમ ને એમ એ અંધારામાં એકલો ટાઢથી થરથરતો બેસી રહ્યો. એનાં બધાં અંગ અકડાઈ ગયાં તોપણ એણે હિંમત છોડી નહિ.

મળસકું થયું. કોઈ ખેડૂત ખેતરે જવા નીકળ્યો હશે તેની નજરે એ પડ્યો. પહેલાં તો એ ખેડૂત પણ એને જોઈને ચમક્યો. પણ પછી તરત જ એણે જોયું કે આ તો કોઈ નાનકડો છોકરો છે. એણે બૂમ પાડી પૂછ્યું, “અલ્યા, અત્યારમાં તું અહીં શું કરે છે?” ડીકના હોઠ તો ટાઢથી ફફડતા હતા. પણ એણે ધીમે અવાજે બધી વાત કહી સંભળાવી. એ સાંભળતાં ખેડૂત તો આભો જ બની ગયો. પછી જરા વિચાર કરી એણે કહ્યું, “ભાઈ, તું ટાઢથી ઠરી ગયો છે. પણ જરા વધુ વાર, છે એમ જ બેસી રહે. હું હમણાં થોડા માણસોને બોલાવી લાવું છું.”

<u>અઘરાં શબ્દો:</u>

સૂનકાર = ખૂબ જ શાંત ઝરતું = નીકળતું, વહેતું

પીઠ = વાસો હથેળી = હાથનો પંજો

થરથરતો = ધ્રુજતો મથ્યો = મહેનત કરી

અકડાઈ ગયો= ઝલાઇ ગયો મળસકું= વહેલી સવાર

ચમક્યો = નવાઇથી જોવું ફફડતા = ધ્રુજતા

૧.૧ નદીના પાણીમાં શા માટે બંધ બાંધવામાં આવ્યા હોય છે? (3)

૧.૨ ડીકની નજર ક્યાં પડી ? (2)

૧.૩ જો એ કાણું પૂરવામાં ન આવે તો શું થાય ? (3)

૧.૪ પાણી અટકાવવા માટે ડીકે શું કર્યું ? (3)

૧.૫ ડીક મનમાં ને મનમાં શું બોલ્યો ? (2)

૧.૬ ડીકના બધા અંગ કેમ અકડાઈ ગયા ? (3)

૧.૭ ખેડુત શું જોઈ ચમકી ગયો ? (2)

૧.૮ ડીકને બહાદુર કેમ કહ્યો છે ? (4)

૧.૯ ખેડુતે જરા વિચાર કરી ડીકને શું કહ્યું ? (3)

૧.૧૦ નીચે આપેલા વાક્યો સાચા છે કે ખોટાં તે જણાવો.

૧.૧૦.૧ આ વાત હોલાન્ડ દેશની છે. (1)

૧.૧૦.૨ ખૂબ વરસાદ પડવાને લીધે બંધમાંથી પાણી ઝરતું હતું. (1)

૧.૧૦.૩ ડીક આ પાણી જોઈ ઘેર પાછો ગયો. (1)

૧.૧૦.૪ ડીક બહાદુર હતો. (1)

૧.૧૦.૫ ખેડૂત ગામમાં જઈ બીજા માણસોને બોલાવી લાવ્યો. (1)

**30 marks**

IEB Copyright © 2016

## SECTION B

પ્રશ્ન–૨ નીચે આપેલો ફકરો વાંચી સંક્ષેપલેખનકરો.
( છ થી સાત વાક્યો)

જે પૃથ્વી પર આપણે રહીએ છીએ એ ઘણી મોટી છે. એની ઉપર હજારો પહાડ, જંગલ, નદી, સરોવર અને શાહેરો આવેલાં છે. પૃથ્વી દેખાય છે સપાટ, પણ ખરેખર એ એક મોટો ગોળો છે. આકાશમાં રહેલો સૂરજ થાળી જેવો દેખાય છે, પણ એ પૃથ્વી કરતાં પણ ઘણો મોટો છે. એ આપણાથી ઘણો દૂર છે એટલે એ આવડો નાનો દેખાય છે.

સૂરજનો ગોળો પૃથ્વી કરતાં જુદી જ જાતનો છે. પૃથ્વી પર માટી અને પાણીનું પડ છે. સૂરજ પર પાણી કે પથ્થર જેવું કશું નથી. સૂરજ પર માત્ર વાયુ જ વાયુ છે. આખો સૂરજ અતિશય ગરમ વાયુઓનો બનેલો છે. એ ગરમ વાયુઓને લીધે જ આપણને તાપ અને અજવાળું મળે છે.

બપોરે સૂરજનો તાપ કેવો આકરો લાગે છે ! સૂરજની ગરમી વડે પૃથ્વી પરનું પાણી ગરમ થઈ એની વરાળ બને છે. આ વરાળ ઊંચે ચઢી ઠરી જતાં એનાં વાદળાં બંધાય છે. વાદળાંમાંથી વરસાદ પડે છે. વરસાદથી ઝાડપાન અને અનાજ પેદા થાય છે. આમ સૂરજ આખી દુનિયાનો અન્નદાતા છે.

સૂરજ બીજી રીતે પણ આપણું ભલું કરે છે. અનાજ અને કપડાંને નુકસાન કરતી હજારો જાતની જીવાત સૂરજની ગરમીથી મરી જાય છે. સૂરજના તાપમાં અજબ શક્તિ છે

**10 marks**

## SECTION C

પ્રશ્ન–૩

અ. નીચે આપેલી જાહેરખબર વાંચી પૂછેલા પ્રશ્નોના જવાબ આપો.



૩.૧ આ શાની જાહેરખબર છે ? (3)

૩.૨ સૌથી નીચે શું સંદેશ છે ? (4)

૩.૩ આ ચિત્ર માં શું શું છે, આપેલ ચિત્રોનું લીસ્ટ બનાવો. (3)

૩.૪ આ જાહેર ખબર કઇ કંપનીની છે ? (3)

૩.૫ આ વસ્તુનો ઉપયોગ શેમાં થાય છે ? (4)

૩.૬ આ જાહેરખબરમાં તમને શું ગમ્યું છે ? (3)

**[20]**

બ. નીચે આપેલા ચિત્રનું તમારા શબ્દોમાં પાંચ થી સાત લીટીમાં વર્ણન કરો.



**૧. અવરજવરનાં સાધનોની યાદી કરો. તમે કયાં કયાં વાહનોમાં બેઠા છો ? કયાં વાહનોમાં હજી બેઠા નથી ? યંત્ર વડે ચાલતાં વાહનો કયાં છે ?**

**૨. જાનવરો માણસને શા શા કામમાં આવે છે ?**

**[20]**

**40 marks**

**Total: 80 marks**

IEB Copyright © 2016